# વાયડામિત્ર

વર્ષ : ૧૦૦ એપ્રિલ- ૨૦૨૨ અંક : ૪
કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)
R.N.I No.: 6316/57

રામનવમીની શુભેચ્છાઓ



*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

**Trupti Rajendra Shah**
**Rahul Shah**

**Bipin Shah**
**Geeta Shah**
**Dhaval Shah**

**Jitendra Shah**
**Sunita Shah**

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East), Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**એપ્રિલ – ૨૦૨૨, પ્રત–૧૧૨૬, વર્ષ–૧૦૦, અંક–૪**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

**સંચાલક ટ્રસ્ટી મંડળ**

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ–મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

ભારતમાં: રૂા.૩૦/–(સામાન્ય), રૂા.૧૦૦૧/–(આજીવન), રૂા.૨૫૦૧/–(પેટ્રન), વિદેશમાં : રૂા. ૫૦૦૧/–

સુજ્ઞ જ્ઞાતિજનો, એપ્રિલ, ૨૦૨૧ થી વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ–મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# વિસામો



માન્યું કે જીવનપથ ક્યારેક
બળબળતા રણ જેવો છે
ચોતરફ દઝાડતો પવન અને
ધૂળની ડમરીઓ છે.
છતાંય ચાલતા રહેવું જરૂરી છે.
ક્યાંક તો મનગમતા વિસામાની
છાંવ મળી જ જાશે
માન્યું કે જીવનપથ ક્યારેક
મધમધતા બાગ જેવો છે
ચોતરફ પુષ્પોનું સૌંદર્ય અને
પમરાટથી મહેકતો પવન છે
રોકાઈ જવાનું મન છે
કિન્તુ આ પથ છે, લક્ષ્ય નથી
ચાલતા રહેવું જરૂરી છે.
ભક્તિનાં પથ પર ડગ
ભરતા રહેવા જરૂરી છે.
ક્યારેક તો પ્રભુના ચરણ શરણનો
મનગમતો વિસામો મળી જ જાશે.

– ભારતી કશ્યપ, નાગપુર
મો. : ૯૯૨૩૪ ૩૩૬૪૩

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

## "માલસર - એક અનોખું યાત્રાધામ"

હાલના સંજોગોમાં માનવીની આવરદા ઘણી વધી ગઈ છે. નિવૃત્ત વ્યક્તિઓની સંખ્યા વધી ગઈ છે અને પ્રમાણમાં તેમની તંદુરસ્તી ઘણી સારી છે. અગાઉના વખત કરતાં આર્થિક પરિસ્થિતિમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. તેવા સંજોગોમાં શાંતિથી રહી શકાય, અનુકુળતા પ્રમાણે પ્રભુની ભક્તિ કરી શકાય, આર્થિક રીતે બહુ મોંઘુ ના હોય, વતનથી બહુ દૂર ના હોય અને બધી સગવડો જળવાઈ રહે તેવા સ્થળો ઘણા ઓછા છે. આવા સ્થળોમાં માલસર મને ખૂબ અનુકુળ લાગ્યું છે. તેના વિષેનો મારો અભિપ્રાય - અનુભવ આપ સર્વેની જાણ ખાતર અહીં વર્ણવ્યો છે.

માલસર અમદાવાદથી ૧૮૦ કી.મી. દૂર છે. ત્યાં જવા માટે અમદાવાદથી સીધી બસ નથી. અમદાવાદથી શિનોરની બસ મળે છે. ત્યાંથી માલસર પાંચ કિ.મી. દૂર છે અને તે માટે ખાનગી વાહનો મળે છે. વડોદરાથી ૬૦ કિ.મી. તથા ડભોઈથી ૩૦ કિ.મી.ના અંતરે આવેલું છે. વડોદરા તથા ડભોઈથી માલસરની બસો મળી શકે છે.

નર્મદા કિનારે આવેલું માલસર એક નાનકડું ગામ છે. અર્વાચીન સમયના શ્રીમદ્ ભાગવતના વક્તા શુકદેવજી સમાન પરમ પૂજ્ય ડોંગરેજી મહારાજે ત્યાં સતત ચોત્રીસ વર્ષ સુધી ભાગવત સપ્તાહ કરી હોવાથી ખૂબ જ પવિત્ર બન્યું છે. પૂજ્ય મહારાજશ્રીના અવસાન બાદ નિરમાના શેઠ શ્રી કરસનભાઈ પટેલે અંગત રસ લઈ પૂજ્ય મહારાજશ્રીના સ્મરણાર્થે આ આશ્રમની સ્થાપના કરી છે. આ આશ્રમનું નામ શ્રી ડોંગરેજી સેવા ભક્તિ આશ્રમ છે.

આશ્રમની ડીઝાઈન ખૂબ જ આધુનિક, સગવડભરી અને વ્યવસ્થિત છે. એટેચ ટોઈલેટ સાથે બે વ્યક્તિઓ રહી શકે તેવી રૂમો છે. જમવા માટે ભોજનખંડમાં ટેબલ-ખુરશી છે. ભોજન પણ ખૂબ જ સાત્વિક અને ઘર જેવું જ મળે છે. સવારમાં ૬-૦૦ વાગે ચા, ૯-૦૦ વાગે નાસ્તો, ૧૨-૦૦ વાગે ભોજન, ૩-૦૦ વાગે ચ્હા અને સાંજે ૭-૦૦ વાગે ભોજન આપવામાં આવે છે. આશ્રમમાં રહેવા - જમવાનો ચાર્જ વખત પ્રમાણે બદલાતો જાય છે. ૨૦૦૬માં માસિક રૂા. ૭૫૦/- હતો. જ્યારે હાલમાં રૂા. ૫૦૦૦/- છે. આ ઉપરાંત દૈનિક, અઠવાડિક, પખવાડીક પણ રહી શકાય છે. જેનો દર વધારે હોય છે.

સવારમાં ૫-૩૦ થી ૬-૦૦, ૮-૦૦ થી ૯-૦૦, ૧૧-૩૦ થી ૧૨-૦૦ અને સાંજે ૬-૩૦ થી ૭-૦૦ પ્રાર્થના થાય છે. જેમાં યાત્રિકની હાજરી જરૂરી છે. પ્રાર્થના ખંડ આશ્રમમાં જ છે.

સ્વ. ઘનશ્યામલાલ કૃષ્ણલાલ પરીખ પરિવાર(કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

આશ્રમની બહાર તેના જ પરિસરમાં બગીચો બનાવવામાં આવેલો છે તેમાં બેસવા માટે બાંકડા, હિંચકા વિગેરેની સુંદર સગવડો છે. બગીચામાં કુદરતી દશ્ય ખૂબ જ રળિયામણું લાગે છે. તેની દક્ષિણ બાજુ પવિત્ર નર્મદા નદી દેખાય છે. નદી પરથી આવતો પવન ખૂબ જ સારી રીતે માણી શકાય છે. અહીં કોઈ પ્રકારની મેડિકલ સુવિધા નથી. પોતાની દવાઓ સાથે લઈ જવી જરૂરી છે. આકસ્મિક સારવાર માટે વડોદરા આવવું પડે છે. જે માટે બે કલાકનો સમય જોઈએ. સામાન્ય સારવાર માટે સવારે ૮–૦૦ થી ૯–૦૦ દવાખાનું ચાલે છે. પરંતુ તેમાં મોટેભાગે ગ્રામીણ લોકો જ સારવાર માટે આવે છે. યાત્રિકની અંગત જરૂરિયાતો પર કોઈ પણ સંજોગોમાં ધ્યાન આપવામાં આવતું નથી. તે માટે યાત્રિકે તૈયારી રાખવી જરૂરી છે. જેમાં ખાસ તકલીફ પડતી નથી.

આશ્રમના સમાન્ય નિયમોનું પાલન કરતું ખાસ જરૂરી છે. જેમ કે સમયસર ચા–નાસ્તો, ભોજન વિગેરે માટે ભોજન ખંડમાં હાજર રહેવું. મોડા આવનારને તેનાથી વંચિત રહેવું પડે. પરિસરમાં ઘોંઘાટ ન થાય એનું ધ્યાન રાખવું જરૂરી છે. જાહેરમાં છાપા વાંચવાની પણ મનાઈ છે. આશ્રમની બહાર જ પૌરાણિક સત્યનારાયણ ભગવાનનું મંદિર છે. જ્યાંની મૂર્તિ અને ત્યાંનો પરિસર ખૂબ જ સરસ છે. આ ઉપરાંત ખૂબ જ જુનું અને જાણીતું અંગારેશ્વર મહાદેવનું મંદિર છે. માત્ર ૫૦૦ મીટરમાં આ મંદિરો આવેલા હોવાથી મહેનત પડતી નથી.

આજુબાજુના ખ્યાતનામ સ્થળો જેવા કે પોઈચાનું પ્રખ્યાત સ્વામીનારાયણ મંદિર, કાયાવરોહણ ખાતેનું બકુલેશ મહાદેવનું મંદિર, નારેશ્વરમાં રંગ અવધૂત આશ્રમ, કોરલમાં પુનીત મહારાજનો આશ્રમ તથા અન્ય પૌરાણિક મંદિરો આવેલા છે. ત્યાં જવા માટે ખાનગી વાહનો મળી શકે છે. મંદિરો સિવાય ભારતનું પ્રખ્યાત ‘સ્ટેચ્યુ ઓફ યુનીટી’ અને નર્મદા ડેમ વગેરે જોવા જવા માટે ખાનગી વાહનો મળે છે.

આ સિવાય પણ નર્મદા કાંઠે ઘણા આશ્રમો આવેલા છે. માલસરમાં પણ અન્ય ત્રણ આશ્રમો છે પણ તે બધાનું સંચાલન મહાત્માઓ કરતા હોવાથી ગૃહસ્થની જરૂરિયાતો પર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી, જ્યારે નિરમા આશ્રમ ગૃહસ્થો દ્વારા ગૃહસ્થો માટે હોવાથી વિશેષ અનુકૂળ છે.

આ આશ્રમ વિષે વધુ માહિતી મેળવવા માટે ૦૨૬૬૬–૨૬૪૩૪૮ પર સંપર્ક કરવો. જતા પહેલા બુકીંગ કરાવવું જરૂરી છે. જો દાદર ચડવાની મુશ્કેલી હોય તો નીચેની રૂમ માટે વિનંતી કરી શકાય.

– નલિનકાંત ડી. ચોક્સી, અમદાવાદ – પૂના, મો. ૯૧૦૬૫ ૪૦૭૦૮

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

## ॥ સર્વ વિદિત ॥



મનુષ્ય અવતાર દુર્લભ છે. આ અવની પર આપણે એકલા ખાલી હાથે આવ્યા હતા અને આપણે આ અવની પરથી એકલા ખાલી હાથે જઈશું. પાપનો ઘડો ફુટયા વગર રહેતો નથી. કર્મના બંધનથી મહાપુરુષો, સંતો, મહાત્માઓ પણ મુક્ત નથી. કરેલા કર્મો ભોગવ્યે જ છૂટકો છે. કરેલુ ફોગટ જતું નથી. ફક્ત હક્કનો ઉપયોગ કરવો અને ફરજમાંથી મુક્ત રહેવું એ પણ પાપયુક્ત કર્મ છે. આપણે ઘણીવાર વ્યવહારમાં એવું જાણી જોઈને અથવા અજાણ્યે એવું વર્તન કરી નાંખીએ છીએ. હું જે કહુ અથવા લખુ છું તે બીજાને લાગુ પડે છે મને લાગુ પડતું નથી પણ આ ખોટું છે. અમલમાં મૂક્યા પછી બીજાને કહી શકાય અને એ વસ્તુ પોતાને પહેલુ લાગુ પડે છે. આપણા કરતા ઘણા હોંશીયાર વિદ્વાનો, ગાયકો, સંગીતકારો, સંતો, મહાત્માઓ આ મૃત્યુલોકમાં અસ્તિત્વ ધરાવે છે. મનુષ્યે વધારે છકી જવાની જરૂર નથી. અંતે તો માટી ભેગા જ થવાનું છે. શરીરનો મોહ પણ બહુ સારો નથી. ઘણા માણસો થોડા સમયમાં પરખાય છે જ્યારે ઘણાને પારખવામાં થાપ ખાઈ જઈએ છીએ. કોઈનું ભલુ ન થાય તો વાંધો નહી પણ જાણીજોઈને કોઈનું બુરું કરવું નહીં. નહીં તો આપણે શ્રી હરિનો રાજીપો ગુમાવી દઈશું. મનુષ્ય અવતાર જૂના પાપકર્મોની બાદબાકી અને નવા પુણ્યનો સરવાળો કરવા (પુણ્યનો ઉદય કરવા) આપણને મળ્યો છે. હૃદય પર હાથ રાખીને બોલજો આપણે ઉપર જણાવેલ લખાણનું કેટલે અંશે પાલન કરીએ છીએ?

આપણે અર્થોપાર્જન (પૈસા કમાવવામાંથી) કરવામાંથી ઊંચા આવતા નથી. ભલે ખાલી હાથે જવાના હોય. આજે તો મસ્તીભરી જીંદગી જીવી લઈએ. લોકોને દુ:ખી કરીને, રડાવીને પણ પોતાના નિજજનોને આનંદ આપવો. પોતે આનંદથી રહેવું. બીજાનું જે થવાનું હોય તે થાય. આવી વૃત્તિ વધી છે. પૈસાનું મહત્વ છે પણ કોરોનાએ એ પણ સાબિત કરી દીધું કે પૈસાથી જીંદગી બચી શકતી નથી. દવાખાનાનાં બીલ ભરવા જરૂરી છે. અમુક ઉંમર પછી જીવનમાં શાંતિ હોવી જોઈએ. લોહી

ઉકાળાવાળી જીંદગી જીવવાનો કોઈ અર્થ નથી. મનુષ્યનું લક્ષ્ય શ્રી હરિનું સાનિધ્ય પ્રાપ્ત કરવાનું છે. જેના માટે ઉત્તમ અવતાર લઈ ઋષિમુનિયોની તપોભૂમિ ભારતવર્ષમાં મનુષ્યયોનીમાં જન્મ લઈ આ પવિત્રભૂમિ પર આવ્યા છીએ. જીવન સાર્થક કરી શ્રી ઠાકોરજીનું સાયુજ્ય પ્રાપ્ત કરવાનો ઉત્તમ જન્મ વેડફી નાંખવાનો નથી. નહીં તો પશુઓમાં અને આપણામાં કોઈ ફેર રહેશે નહીં. જીવનમાં એક વાતની કાયમી ગાંઠ બાંધી દેજો કે જાણીજોઈને કરેલુ અથવા કહેલુ આપણામાંથી ભૂલાતું નથી અને જીવનાંતે આપણને વીંછીની માફક ડંખે છે.

આપણો મનુષ્ય સ્વભાવ એવો છે કે જ્યારે કોઈ તકલીફમાં આપણે હોઈએ છીએ ત્યારે પ્રભુનો–નિજજનોનો સાથ ઈચ્છીએ છીએ અને જેવા તકલીફમાંથી ઉગરી ગયા કે તરત જ અસલ સ્વભાવમાં આવી જઈએ છીએ. આપણી જાતને બીજા કરતાં હોશિયાર સમજવાની ભૂલ ક્યારેય ન કરવી. શેરને માથે સવાશેર હોય જ છે. ઘણી વાર સામેની વ્યક્તિને સમજવામાં આપણે થાપ ખાઈ જઈએ છીએ. ધાર્મિક પુસ્તકોનું વાંચન, કોઈને શારીરિક મદદરૂપ થવું, નિત્ય સેવા, ભગવદ્સ્મરણ મંદિરમાં દર્શનનો લાભ, શક્ય એટલી વિત્ત સેવા – આ નિવૃતજીવનની સમય પસાર કરવાની અદ્ભુત રીતી છે.

હવે દોષોરોપણને તિલાંજલી આપવાનો સમય આવી ગયો છે. પ્રેમભાવ સ્વાર્થ વિનાનો રાખવાનો સમય લાવવો પડશે. હૃદયમાંથી કપટને કાયમી રુખસદ આપવી પડશે. કૃષ્ણકનૈયાની લાઠીમાંથી કોઈ બચી શકશે નહીં. મૂંછ પર લીબું રાખવાનો સમય વધી ગયો છે. નમે તે શ્રી હરિને ગમે! નમ્રતા વૈષ્ણવતાની પ્રથમ કેડી છે. ખરો વૈષ્ણવ જ એ છે કે બીજાએ તમારી જોડે ગમે તેવું કર્યું હોય પણ આપણે વૈષ્ણવ ધર્મને ન ભૂલી આપણી આગવી રીત પ્રમાણે વર્તવું. અનિતી પતનનું કારણ બને છે.

કળીયુગ હરણફાળ ભરી રહ્યો છે. આગળનાં સમયથી આપણે અજાણ છીએ. મોંઘવારીએ લોકોની કેડ તોડી નાખી છે. જીવન જીવવાનું અઘરું કરી દીધું છે. લોકો નવી ટેકનીકો પાછળ ઘેલા થયા છે. શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે એક પણ ક્ષણ શ્રી હરિનું નામ ચૂકયા તો બહીર્મુખ થઈ જવાશે. માણસ મરી ગયા પછી આપણે કહીએ છીએ બિચારા બહુ સારા હતાં. જ્યારે જીવતા હતા ત્યારે તેમને ત્યાં કદી

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

ફરકતો પણ નહીં. આપણને કોઈ કહે કે કામ હોય તો જરૂરથી કહેજો અને ખરેખર આપણને જો જરૂર પડે અને એનો સંપર્ક કરવા જઈએ તો ભાઈ રફુચક્કર થઈ ગયા હોય અથવા કદાચ મેળાપ થાય તો ગલ્લા તલ્લા કરશે. મદદની વાત તો બાજુ પર રહેશે. આવા પ્રકારનો અનુભવ ઘણાને થતો હોય છે. સંસારમાં રહીએ છીએ એટલે મોહ માયા તો વળગવાની. આ વળગણ સાથે શ્રી પ્રભુ સાથે પ્રિતી કરવાની છે. જે માનીએ તેટલું સહેલું નથી. જગત અને ભગતને પહેલેથી જ વેર છે. ઘર, પૈસા, બાળકો પ્રત્યે મમતા, મોહ આપણને શાંતિથી જીવવા દેતો નથી. શ્રી હરિની ભક્તિમાં અંતરાય ઉભો કરી શકે છે. મનને કાબુમાં રાખવાનું મુશ્કેલ બને છે. સમાજમાં રહેવાનું છે. તેથી સામાજીક બંધન પણ ધ્યાનમાં રાખવા પડે છે.

ધરતીકંપ, આગના બનાવો, કરફ્યુ, રોગની મહામારી, પૂર, વાવાઝોડું વગેરે સમયમાં આપણામાં એક અલગ પ્રકારની લાગણી, આત્મીયતા કુદરતીરીતે ઉત્પન્ન થાય છે. ઘરનાં સભ્યોની માફક અન્ય સાથે વર્તન કરીએ છીએ પણ સમય પસાર થતા આપણે આપણા અસલ સ્વભાવમાં આવી જઈએ છીએ. કાયમી લાગણી સ્થાપિત થતી નથી. ઘણી વાર આપણા જીવનમાં એવા પ્રસંગો બને છે કે ભગવાન પરથી શ્રદ્ધા ઉઠી જાય છે. જાણે કે ભગવાન જેવી કોઈ શક્તિ આ દુનિયામાં છે જ નહીં, પરંતુ ખરેખર ન દેખાતા ભગવાન સર્વ સ્થળે વિદ્યમાન છે. આપણા જીવનમાં બનતા, ગમતા, ન ગમતા બધા બનાવોને પ્રભુનો પ્રસાદ સમજવાનો છે. શ્રી હરિની મરજીને અગ્રેસર રાખવાની છે. ટૂંકમાં સારું થાય તો શ્રી પ્રભુની કૃપા સમજવી અને ખરાબ થાય તો શ્રી હરિની મરજી સમજવી. આપણા કર્મો આપણો પીછો છોડવાનો નથી એ સુનિશ્ચિત છે. કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે ચોર્યાસી લાખ યોનિઓનાં ફેરામાંથી મુક્ત થવાનો સોનેરી અવસર આપણે વેડફી નાંખવાનો નથી. પ્રભુમય બની સૌ સાથે મિલનસાર બની સૌની લાગણીના સંગાથે આ અવની પરથી હસતા મુખે વિદાય લેવાની છે. શ્રી હરિ આપણને શક્તિ, ભક્તિ પ્રદાન કરે એ જ તેમના ચરણ કમળમાં નમ્ર નિવેદન ! અસ્તુ !

– નવીનચંદ્ર દશરથલાલ ગાંધી
ભરૂચ (હાલ વડોદરા)
મો. નં. : ૯૫૮૬૮ ૧૭૪૬૦

‘દૃષ્ટિ આઈ ક્લિનિક’ – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## શબ્દ સરોવર માં ડૂબકી - ૯



[ગુજરાતી ભાષાના ખૂબ જ પ્રતિષ્ઠિત, વિખ્યાત, ઉત્કૃષ્ઠ અને યશસ્વી સાહિત્યકાર, કવિ, લેખક, નાટ્યકાર.... પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર આપણી ભાષાનું ગૌરવ અને ઘણી મોટી પ્રતિભા છે. તેમના કાવ્યોમાં "સરરીયલ" નો અનુભવ હંમેશા થતો આવ્યો છે. સામાન્ય વાચકને કે ભાવકને તેમની કવિતામાંથી તથ્ય મેળવવા ઘણા પ્રયત્નો કરવા પડતા હોય છે. આવો, આજે એમનું એક આવું જ ખૂબ જ સુંદર કાવ્ય જેને અછાંદસ કહેવાય છે તેવું કાવ્ય, પ્રમાણમાં સમજવામાં અઘરું પણ વાચકો સુધી તેનો ભાવ પહોંચાડીએ]

### પથ્થરો તળે ?

**-સિતાંશુ યશશ્ચન્દ્ર**

શું હશે પથ્થરો તળે ? હીરા, શું હશે
પથ્થરો તળે ? પાણી. પાણી ? -હશે પથ્થરો તળે.
ક્યાં ? હશે પથ્થરો તળે.
હશે?
શું હશે પથ્થરો તળે ? લાવા, હીરા હશે પથ્થરો તળે પાણી.
સિન્દૂરિયા લેપ કર્યા અને રેડ્યું તેલ. ના ? ઝરિયાના
પહેરાવ્યા અને ઘીનાં કમળ. તો ? ગર્ભાગારમાં સ્થાપ્યું
રૂઢિચુસ્ત લિંગ અને સતત ઠંડા પાણીની ધાર.
હવે ? શું થશે ? હશે હવે પથ્થરો તળે. હશે કે ? હશે હવે.
પથ્થરો ફંગોળ્યા છે ન સમજાતા આકાશમાં. તો ?
ક્યાંક ચાર પગ અને તીર. ક્યાંક સાત માણસો
અને સ્ત્રી. ક્યાંક પારધિ. ક્યાંક એકમેકને
તાકતાં પણ હરફ ના બોલતા ચન્દ્રનું અને
તારાનું હરણ. પોતપોતાના રાહુ અને પારધિના
ખ્યાલમાં ખોવાયેલાં.

ક્યાંક આ ક્યારેય સ્થિર ન રહી શકતા તોતિંગમાં ધ્રુવ.
જાઓ જાઓ.
ના સમજાતા આકાશમાં ના સમજાતા પથ્થરો
ફંગોળ્યા અણસમજુએ
ના સમજાતા પથ્થરોને નામ આપ્યાં ને પથ્થરો
પણ તેજ ને પથ્થરો પર જીવન ને પથ્થરો પર પાણી.
ખળખળખળ – શું હશે પથ્થરો તળે ? પથ્થરોમાં
શું હશે ? શું હશે પથ્થરો ?
**–સિતાંશુ યશશ્ચન્દ્ર**
–––––––

જડમાં ચૈતન્યની વ્યક્તિગત અંગત માન્યતા ઉપર પથ્થરનો પ્રતીકવાદ, પથ્થર યુગથી વિવિધ પ્રકારે આપણી સાથે જોડાયેલો જ છે.....એ રીતે પથ્થર આમ અજાણ્યો નથી. છતાં સર્જકદૃષ્ટિ એને ક્યાં ક્યાં કેમ ભાળે છે એ અહીં આસ્વાદવું છે.

અનેક રીતે પથ્થરની ઓળખ પામવી છે અને આપવી છે.

પથ્થર અને ખડકના રૂપ સ્થળ, તેના તળમાં અને તેની નીચે પણ પાણી.. પણ આ પથ્થર યુગથી આપણી સાથે વણાયેલું એટલે કે આપણાં અસ્તિત્વનો ભાગ છે તે જાણીતું છે. છતાં આપણે પથ્થરને તંતોતંત ઓળખીએ છીએ ? ના. જૂઓ કવિ એને કેમ જાણે પ્રમાણે છે !

પથ્થર અને ખડકની બનેલી બ્રહ્માંડની રચનાઓની શાશ્વતિનો અર્થ એ છે કે તેઓ દિવ્ય અને અનાદિ છે.

પથ્થરની કૃતિ એક જીવનથી બીજા જીવનના માર્ગને પ્રતીકાત્મક રીતે નિર્દેશિત કરે છે. એક પથ્થરનો જ્વાળામુખી લાવા પ્રગટ કરે છે અને તેની બાજુના પથ્થરની નીચે રત્નોની ખાણ છે પણ ભૂગર્ભમાં તો પાણી જ છે.

પત્થરની કોતરણી પણ જ્યારે ધર્મની ભાવના આધ્યાત્મિક ભાવને ચિન્હિત કરે અને ત્યાર બાદ જે પથ્થર પર સિન્દૂરનો લેપ થાય તે પથ્થર પર તેલ તો રેડાય જ !

પથ્થરને વસ્રો પણ ધારણ કરાવાય અને સન્મુખ ઘીના કમળ પણ ધરાવાય,

સામે પથ્થરનું લિંગ, શિવજીના અને મનુષ્યની નવસર્જનશક્તિના પ્રતીક તરીકે આદરણીય સ્થાન ધરાવતા હોઈ તેનાં પર સતત પાણીની ધાર થાય!

આ બધી જ શક્યતાઓ પથ્થરના અસ્તિત્વથી આપણાં જીવનના દ્રષ્ટિકોણ સુધી....

અને આ પણ પથ્થર સાથે સંકળાયેલી એક જીવિત માન્યતા કે શિવલિંગ પર પાણી રેડતા હોવ ત્યારે મગજમાં શાંતિનો અહેસાસ થાય છે અને બધી નકારાત્મક શક્તિથી મુક્ત થાવ છો.

પથ્થર સાથે સંકળાયેલી માન્યતાઓ અને એમાંથી રચાતા અનેક સંદર્ભો... તેની જ અંતર્ગત એક ભાવ, પૃથ્વીના અનંતકાળની આસપાસથી ઉદભવ પામેલાં જીવનચક્રની જેમ સમયની સાથે આવી અનેક શ્રદ્ધાના સ્થાપત્ય બની ઊભો રહે છે.

અનેક શક્યતાઓ વચ્ચે

“હશે”, “તો” , “વળી” “શું” અને આ પ્રશ્નોના ઉત્તર અલગ અલગ સ્થાને અલગ–અલગ અર્થની શક્યતાઓ સમી કવિતા અને આ બધી શક્યતાઓની વચ્ચે નક્કર હકીકત જે કવિની કલ્પના પથ્થર બનીને ઊભરી છે,

જે....આ જ બ્રહ્માંડમાં રચાતી જતી પથ્થરની વિશેષતાઓ અને....

પૃથ્વીની સાથે અનેકવિધ તારાઓ અને નક્ષત્રોમાં પણ પથ્થરની એક વિશાળ શ્રેણી તેની પ્રકૃતિની પ્રતિકૃતિ સમી નજરે ચડે છે, કહેવાતાં આકાશમાં નજર નાખીએ...પથ્થરને માન્યતાઓ આપી આકાશમાં પણ આપણે જ સ્થાપિત કર્યા છે.

મૃગશીર્ષ, કૃતિકા, વિશાખા વિગેરે નક્ષત્ર પણ ખડક અને પથ્થરની બનેલી સખત સપાટી છે...

પોતપોતાના રાહુ અને પારધિ અહીં કવિએ બે લગભગ opposite માન્યતા ધરાવતા તત્ત્વોનો ઉલ્લેખ કરીને પથ્થરને બંને છેડાની શક્યતાઓ આપી છે,

પથ્થરના કોઈ પણ તત્વ વિનાનો રાહુ અને છતાં મનુષ્યની આંગળી ઉપર પથ્થર બની સ્થાન પામેલો છાયા ગ્રહ પરંતુ પારધિ એટલે હરિણી નક્ષત્ર પાસે અનેક તારાઓ માનો સૌથી દૈદિપ્યમાન તારો એટલે જ પારધિ...

અને તે દરેકને પોતાના હોય છે.... જન્મની સાથે કુંડળીમાં અલગ–અલગ ગૃહ અને ડિગ્રીમાં permanent સ્થાન ધરાવતાં પથ્થરના પ્રકારો અનેક રંગ માં મીનીએચર ગ્રહ બની સૌની આંગળી પર સ્થાન પણ પામે છે.

પૃથ્વીની સર્વાધિક અચળતા કવિએ પથ્થરને આપી

“ક્યાંક આ ક્યારેય સ્થિર ન રહી શકતા તોતિંગમાં ધ્રુવ, જાઓ જાઓ.”

તોતિંગ મા ધ્રુવ એટલે કે સમગ્ર બ્રહ્માંડમાં પથ્થર અવિચળ બનીને ધ્રુવ (Polar

Star) જેને કહીએ છીએ તે પણ પથ્થર અથવા ખડકનું જ બનેલું એક ભૌગોલિક તત્વ જ છે.

ખડકો અને પથ્થરો, બપોરે સૂર્યપ્રકાશમાં ચમકતા અને ઝગમગાટ. ઘણી સંસ્કૃતિઓ અને ધર્મ દિવ્યતાના પ્રતીક માટે પથ્થરનો ઉપયોગ કરે છે. આશ્ચર્યજનક બાબત છે કે ઉલ્કાઓ પડે છે ત્યારે ખડક હોય છે અને નીચે આવે છે ત્યારે પથ્થર બનીને આવે છે, આકાશમાંથી પડે છે છતાં ખડકો તે જ બ્રહ્માંડમાં અસ્તિત્વમાં છે.

સંપૂર્ણ કવિતા, પથ્થર યુગથી શરૂ થયેલી માનવ સંસ્કૃતિ..... જેને મુખ્યત્વે ચાર વિભાગોમાં વિભાજિત કરી શકાય અને મારી દ્રષ્ટિએ આ આખી કવિતાને સંસ્કૃતિના ચાર વિભાગમાં તેનું વિભાજન કરી દેવામાં આવ્યું છે.

માનવ સંસ્કૃતિની ચાર મહત્વપૂર્ણ લાક્ષણિક્તાઓ છે.

૧) સંસ્કૃતિ શીખવાનું જીવનનું માધ્યમ છે.

( શું હશે પથ્થરો તળે ? હીરા, શું હશે
પથ્થરો તળે ? પાણી. પાણી ? –હશે પથ્થરો તળે.
ક્યાં ? હશે પથ્થરો તળે.
હશે?
શું હશે પથ્થરો તળે ? લાવા, હીરા હશે પથ્થરો તળે પાણી)

લોકો સંસ્કૃતિ સાથે જન્મેલા નથી, પરંતુ તેઓ મોટા થતાં મોટા આસપાસના લોકો પાસેથી મેળવે છે. નાનપણથી જ, બાળકો સંસ્કૃતિ શીખવા માટે તૈયાર છે અને સક્ષમ છે, પરંતુ તેઓ જે વિશિષ્ટ સંસ્કૃતિ શીખે છે તે તે સંસ્કૃતિ પર આધારિત છે જેમાં તેઓ મોટા થાય છે.

૨) સંસ્કૃતિ પ્રાંત પ્રમાણે વહેંચાય છે.

(સિન્દૂરિયા લેપ કર્યા અને રેડ્યું તેલ. ના ? ઝરિયાના
પહેરાવ્યા અને ઘીનાં કમળ. તો ? ગર્ભાગારમાં સ્થાપ્યું
રૂઢિચુસ્ત લિંગ અને સતત ઠંડા પાણીની ધાર.
હવે ? શું થશે ? હશે હવે પથ્થરો તળે. હશે કે ? હશે હવે )

પથ્થર વિશે દરેક દેશની સંસ્કૃતિ અલગ-અલગ માન્યતાઓ ધરાવે છે , સમાન સંસ્કૃતિવાળા લોકો વિચારવાની અને વર્તવાની સમાન રીત વહેંચે છે. તેમની સંસ્કૃતિને

આગામી પેઢી સાથે તેમના બાળકો સુધી પોતે જે સમજે તે જ રીતે પહોંચાડે છે.

૩) સંસ્કૃતિ પ્રતીકાત્મક છે.

(પથ્થરો ફંગોળ્યા છે
ન સમજાતા આકાશમાં. તો ?
ક્યાંક ચાર પગ અને તીર.
ક્યાંક સાત માણસો
અને સ્ત્રી. ક્યાંક પારધિ.
ક્યાંક એકમેકને
તાકતાં પણ હરફ ના બોલતા ચન્દ્રનું અને
તારાનું હરણ. પોતપોતાના રાહુ અને પારધિના
ખ્યાલમાં ખોવાયેલાં.)

માનવ સંસ્કૃતિમાં બ્રહ્માંડની દરેક વસ્તુના પ્રતીકાત્મક સ્વરૂપ દરેક પ્રાંતમાં જુદી જુદી રીતે આપેલા છે. પ્રતીક એ એક શબ્દ, ચિહ્ન અથવા ક્રિયા છે જે કંઈક બીજું છે. બોલાયેલી અથવા લેખિત ભાષા પ્રતીકો (શબ્દો) પર આધારિત છે. સંસ્કૃતિમાંથી ઉદભવ પામેલાં પ્રતીકો જે તે સ્થાન ઉપર પરની સમજ પર અને સામાજિક પરિસ્થિતિ પર આધારિત છે.

૪) સંસ્કૃતિ યથાસ્થાનની અનુકૂળતા ધરાવે છે.

( ક્યાંક આ ક્યારેય સ્થિર ન રહી શકતા તોતિંગમાં ધ્રુવ.
જાઓ જાઓ.
ના સમજાતા આકાશમાં ના સમજાતા પથ્થરો
ફંગોળ્યા અણસમજુએ
ના સમજાતા પથ્થરોને નામ આપ્યાં ને પથ્થરો
પણ તેજ ને પથ્થરો પર જીવન ને પથ્થરો પર પાણી.)

સંસ્કૃતિ લોકોને પૃથ્વી પર લગભગ ગમે ત્યાં રહેવા દેવાનું માધ્યમ છે. તે એક શક્તિશાળી માધ્યમ છે જે લોકોને ગમે તેટલી વિષમ પરિસ્થિતિમાં પણ ટકાવી રાખવામાં સક્ષમ છે અને આ સંસાર ટકી રહેવા માટે સંસ્કૃતિ પર આધારીત છે.

અને આ તમામમાંથી પસાર થયા પછી ફરી પાછા ઉદભવ સ્થાને, કવિ આપણને લઈ આવે છે ફરી અને ફરી આ જ ચિંતન અને મનન સતત આપણા અસ્તિત્વ રહે, તેવો જ

**ઈશારો છે**
**ખળખળખળ – શું હશે પથ્થરો તળે ? પથ્થરોમાં**
**શું હશે ? શું હશે પથ્થરો ?**
**ખૂબ જ સુંદર**
**પથ્થર ઉપર એક હિન્દી કવિતા જોઈએ.**

--------------

**बोलते पत्थर**

**– हरकीत हकीर**

बोलते पत्थर....
जब कभी छूच्ती हूँ मैं
इन बेजां पत्थरों को
बोलने लगते हैं
जिन्दगी की अदालत में
थके – हारे ये पत्थर
भयग्रसित
मेरी पनाह में आकर
टूटते चले गए
बोले.....
कभी धर्म के नाम पर
कभी जातीयता के नाम पर
कभी प्रांतीयता के नाम पर
कभी जर, जोरु, जमीन के नाम पर
हम...
सैंकडों चीखें अपने भीतर
दबाये बैठे हैं ..... !!

**– રસદર્શન અને પ્રવાહ સૂત્રધાર : હરીશ શાહ, વડોદરા,**

**મો. ૯૮૭૯૫ ૦૩૩૬૨**

**તંત્રી, Vayconnect ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર**

સ્વ. ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

# ગઝલ વિશે પા પા પગલી



ગઝલ એક અલગ જ પ્રકારનો કાવ્ય–રસ છે. ગઝલની શરૂઆત અરબી ભાષામાં થઈ. ગઝલનો સામાન્ય અર્થ પ્રિય પાત્ર–સ્રી પાત્ર પાસે પ્રેમ–ગોષ્ઠી કરવી એવો છે. જયારે ગઝલ અરબી ભાષામાંથી ફારસી ભાષામાં પણ પ્રચાર અને પ્રસાર પામી ત્યારે તેમાં પ્રેમ–ગોષ્ઠી ઉપરાંત આધ્યાત્મિક રંગ પણ ઉમેરાયો. પરમ તત્વની બંદગી ઉપરાંત નૈતિક મૂલ્યો અને વ્યકિતગત લાગણીઓને પણ ગઝલમાં સ્થાન મળ્યું. તૈમુર, ઘોરી અને ગુલામવંશની ભારતમાં આવ–જાને કારણે ઈરાનમાંથી અનેક વિધ્વાનો પણ ભારતમાં આવ્યા. ૧૩ મી સદીમાં અમીર ખુશરો દ્વારા હિન્દી અને ઉર્દૂ શબ્દ મિશ્રિત ફારસી ભાષામાં ગઝલો લખવામાં આવી. ત્યાર બાદ અનેક ઉચ્ચ પ્રકારના ગઝલકારે ઉર્દૂમાં ગઝલોને શોભાવી. શરૂઆતના તબકકામાં વલી, મીર તકી મીર, સૌદા ઝૌક અને ગાલીબ અને ત્યાર બાદ મોમીન, હાલી અને ઈકબાલ જેવા શાયરો ઉર્દૂ ગઝલને મળ્યા.

ગુજરાતી ભાષામાં ફારસી છાંટ સાથેની ગઝલ ૧૬મી સદીમાં શરૂ થઈ તેમ કહી શકાય. ત્યાર બાદ અનેક ગઝલકારો થઈ ગયા, પરંતુ ગુજરાતમાં ગઝલને લોકપ્રિય બનાવવામાં કવિશ્રી કલાપી ધ્વારા મહત્વનો ભાગ ભજવવામાં આવ્યો. તેમની ગઝલ "આપની યાદી" તે સમયે ગુજરાતના ઘરેઘરમાં પ્રચલિત થઈ હતી.

ગઝલના પ્રથમ શેરને મત્લા કહે છે અને આખરી શેરને મકતા કહેવાય છે. પ્રત્યેક શેરમા બે પંકિતઓ હોય છે. જેમાં પ્રથમ પંકિતને ઉલા અને બીજી પંકિતને સાની કહેવાય છે. ગઝલમાં આવતા પ્રાસને વિશિષ્ટ શબ્દ ધ્વારા જણાવવામાં આવે છે. જે માટે રદીફ અને કાફીયા શબ્દનો ઉપયોગ થયો છે. મત્લાની બન્ને પંકિતમાં રદીફ આવે છે અને બન્ને પંકિતમાં કાફીયા સચવાય છે. આ બાબતને સમજવા માટે ગની દહીંવાલાની ખૂબ જ જાણીતી ગઝલનો મત્લા જોઈએ.

દિવસો જુદાઈના જાય છે એ જશે જરૂર મિલન સુધી,
મારો હાથ ઝાલી લઈ જશે મુજ શત્રુઓ જ સ્વજન સુધી.

આ મત્લામાં "સુધી" એ રદીફ છે જયારે 'મિલન, સ્વજન' કાફીયા છે. આમ

ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જય શ્રી કૃષ્ણ.

ગઝલના મત્લાની બન્ને પંક્તિમાં રદીફ અને કાફીયા સચવાય છે.

સામાન્ય રીતે ગઝલના મત્લા અને મક્તા ઉપરાંત ગઝલમાં ઓછામાં ઓછા ત્રણ શેર હોય છે. આદર્શ ગઝલમાં એકી સંખ્યામાં શેર રાખવામાં આવે છે. જો કે આધુનિક ગઝલમાં આ તત્વ અનિવાર્ય રહયું નથી.

ગઝલમાં આવતા આખરી શેરને મક્તા કહેવાય છે. મક્તામાં ગઝલકારનું નામ અથવા તખલ્લુસ આવતુ હોય છે. જો કે ગુજરાતી ગઝલમાં આ નિયમ કાયમ માટે સચવાતો નથી. ગઝલકાર બેફામ અને મરીઝના એક બે ખૂબ જ જાણીતા મક્તાને મમળાવીએ.

બેફામ તો યે કેટલુ થાકી જવું પડયું,<br>
નહીં તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.<br>
જીંદગીના રસને પીવામાં જલ્દી કરો મરીઝ,<br>
એક તો ઓછી મદીરા છે ને ગળતું જામ છે.

ગઝલમાં આવતા તમામ શેર સ્વતંત્ર ભાવ, સ્વતંત્ર વિચાર દર્શાવતાં હોઈ શકે. ગઝલના એક શેરના ભાવને બીજા શેરના ભાવ સાથે સંબંધ હોવો જરૂરી નથી. માત્ર તમામ શેરમાં રદીફ અને કાફીયા સચવાવા જોઈએ. ગઝલના મત્લા બાદ આવતા પ્રત્યેક શેરની બીજી પંક્તિમાં રદીફ અને કાફીયા સચવાવા જોઈએ. ગઝલના મત્લા બાદ આવતા પ્રત્યેક શેરની બીજી પંક્તિમાં રદીફ અને કાફીયા મેળવવામાં આવે છે. પછીના પ્રત્યેક શેરની પ્રથમ પંક્તિમાં રદીફ કે કાફીયા સાચવવા જરૂરી નથી. આપણે આદર્શ ગઝલ જોઈએ જે ગઝલકાર મરીઝ દ્વારા રચાયેલી છે અને મનહર ઉદાસ દ્વારા ખૂબ જ પ્રચલિત થયેલી છે.

હું કયાં કહું છું આપની ' હા ' હોવી જોઈએ,<br>
પણ ના કહો છો એમાં વ્યથા હોવી જોઈએ.<br>
પૂરતો નથી નસીબનો આનંદ ઓ ખુદા,<br>
મરજી મુજબની થોડી મજા હોવી જોઈએ.<br>
એવી તો બેદિલીથી મને માફ ના કરો,<br>
હું ખુદ કહી ઉઠું કે સજા હોવી જોઈએ.<br>
મેં એનો પ્રેમ ચાહયો બહુ સાદી રીતથી,

નહોતી ખબર કે એમાં કલા હોવી જોઈએ.
પૃથ્વીની આ વિશાળતા અમથી નથી મરીઝ,
એના મિલનની ક્યાંક જગા હોવી જોઈએ.

૨૦મી સદીના ત્રીજા દશકથી સાતમાં દશક સુધીનો ગાળો ગુજરાતી ગઝલનો સુવર્ણકાળ ગણી શકાય. ગઝલકાર શયદાએ સરળ, સચોટ અને સહજ શબ્દોથી ગુજરાતી ગઝલને શણગારી.

મને એ જોઈને હસવુ હજારો વાર આવે છે,
પ્રભુ ! તાર બનાવેલા તને જયારે બનાવે છે.

શયદા પછી ૩૦-૪૦ વર્ષના ગાળામાં ગુજરાતી ગઝલનું આભ વિવિધ સિતારાથી શોભી રહયું. શૂન્ય પાલનપુરી, મરીઝ, સૈફ પાલનપુરી, બેફામ, ગની દહીંવાલા, અમૃત ઘાયલ અને શેખાદમ આબુવાલા જેવા સાત તારલાઓએ ગુજરાતી ગઝલના આસમાનને સુશોભિત કર્યું અને ગુજરાતી ગઝલને વિશિષ્ટ સ્થાન અપાવ્યું. જયારે ગઝલમાં હાસ્યરસ ભળે છે ત્યારે તેવી ગઝલને હઝલ કહેવાય છે. જે રીતે હિન્દી ભાષામાં હાસ્યવ્યંગ કવિતાનો વિકાસ થયો છે તે પ્રકારનો વિકાસ ગુજરાતી ભાષામાં કાવ્ય કે ગઝલના પ્રકારમાં થયો નથી. જો કે ઘણા ગઝલકારોએ ગુજરાતી ભાષામાં અનેક હઝલો લખી છે. ડો. રઈશ મણીયાર ધ્વારા અનેક રચનાઓનુ આ ક્ષેત્રમાં ખેડાણ કરવામાં આવ્યુ છે. ડો. રઈશ મણીયારની એક હઝલ મમળાવીએ, જે સુરતી લહેકામાં લખાયેલી છે.

પન્નીને પહતાય તો કે'ટો ની,
વાહણ જો અથડાય તો કે'ટો ની,
અમના તો કે'ટો છે કે પાપણ પર ઉચકી લેમ
પછી માથે ચડી જાય તો કે'ટો ની.
અમના તો પ્યાર જાણે રેહમની ડોરી,
એના પર લૂગડા હૂકવાય તો કે'ટો ની.
હમ, તુમ ઔર ટન્હાઈ, બધું ઠીક મારા ભાઈ
પછી પોયરા અડડાય તો કે'ટો ની.
અડડાય – ચીસો પાડવી

જયારે એક જ ગઝલકારની ગઝલ રચના પુસ્તક રૂપે પ્રકાશિત થાય ત્યારે તે

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

પ્રકાશનને કે સંગ્રહને દિવાન કહેવામાં આવે છે. જયારે એક ગઝલકારની તમામ ગઝલોનો સંગ્રહ પ્રકાશિત થાય ત્યારે તે સંગ્રહને 'બયાઝ' કહેવાય છે.

આ હતી ગઝલ વિશેની કેટલીક પ્રાથમિક બાબતો. જો ગઝલના વ્યાકરણની કે સુક્ષ્મ બાબતોની ચર્ચા કરીએ તો ઘણુ બધુ લખી શકાય. આવો ભાવ દર્શાવતી મનોજ ખંડેરીયાની ગઝલના કેટલાક શેર સાથે વિરામ.

ક્ષણોને તોડવા બેસુ તો વરસોના વરસ લાગે
બુકાની છોડવા બેસુ તો વરસોના વરસ લાગે.
કહો તો આ બધા પ્રતિબિંબ હું હમણાં જ ભૂંસી દઉ
અરીસો ફોડવા બેસુ તો વરસોના વરસ લાગે.
મને સદભાગ્ય છે કે શબ્દો મળ્યા તારે નગર જાવા
ચરણ લઈ દોડવા બેસુ તો વરસોના વરસ લાગે.

– સુનીલ પી. શાહ
મહેસાણા
મો. ૯૯૭૯૯ ૨૮૮૯૯

**Matrimonial**

Meet Kalpeshbhai Parikh, St. Louis, MO,USA.
Birth Date : 5th January, 1993
Height : 5’11”    Weight : 65 kg
Birth Place : Patan
Education : M.S in Computer Science
Job : Software Engineer at Emerson Electric in USA
M: 832-659-7121,
Gyati : Dasha Vayada- Vaishnav Vanik
Contact : Leenaben Parikh (Mother)
M: 88498 71062

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

## Some questions / ingredients for Personal & Professional Excellence



- How can I continue to manage best performance?
- How can I take performance to next level?
- How To rediscover yourself by Enhancing self-awareness?
- How To learn new tools and Techniques which will facilitate Personal Transformation in following areas:

○ Living Powerfully and Effectively ○ Better Listening (Attentive listening) ○ Enhancing Assertiveness ○ Creative use of time (Time Management) ○ Reinforcing Core values of life including Integrity and Honesty ○ Producing extraordinary results in every aspect of life

- Learn about multiple Intelligences i.e. IQ, EQ, PQ and SQ
- Learn power of beliefs and subconscious mind
- Discover new ways of building strong, healthy, harmonious relationships in your professional and personal life
- Building Powerful teams
- Building vibrant working environment
- Understand concept of Leadership-
- Become true leader and expand your ability to take bold effective actions in leading self, leading people, leading customers and leading business
- Provide yourself an opportunity to create future with better quality life (Personal as well as Professional)
- Put you in driving seat of your life
- Reshape your life by taking charge of yourself, your actions, your beliefs, your emotions and your feelings

**- Shrenik Parikh, Editor, Vayadamitra, M. 97244 48149**

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

## એતિહાસિક પ્રતીકાત્મક તસ્વીરો
## વિએટનામ યુદ્ધની તસ્વીર



વિયેતનામ યુદ્ધ ૧લી નવેમ્બર, ૧૯૫૫ના રોજ શરુ થઈ ૩૦મી એપ્રિલ, ૧૯૭૫નાં રોજ પુરું થયું. વિયેતનામ યુદ્ધ દ્વિતીય ઇન્ડોચાઈના વોર તરીકે પણ ઓળખાય છે. ઉત્તર વિયેતનામ સામ્યવાદી હતું. દક્ષિણ વિયેતનામને અમેરિકા બધી જ રીતે મદદ કરતુ. દક્ષિણ વિયેતનામમાં ઉત્તર વિયેતનામ તરફીઓ વિયેતનામના એકીકરણ માટે દક્ષિણ વિયેતનામ અને અમેરિકા સામે યુદ્ધ કરતા. ત્રંગ બંગ (Trang Bang) ગામના એક પેગોડા(બૌદ્ધ મંદિર)માં કેટલાક નિરાશ્રીતો રહેતાં હતાં.

આ પેગોડામાં દક્ષિણ વિએતનામના કેટલાક સૈનિકો પણ છુપાયાં હતાં. ૮મી જુલાઈ, ૧૯૭૨ના રોજ દક્ષિણ વિયેતનામના લડાકુ વિમાન (Fighter Plane) આવે છે. લડાકુ વિમાનનો અવાજ સાંભળી છુપાયેલા સૈનિકે બધા નાગરિકોને પેગોડાની બહાર નીકળી નાસી જવાનું કહે છે. આ નાગરિકોમાં ૯ વર્ષની કિમ કુકનું કુટુંબ પણ હતું. કિમ કુક મંદિરની બહાર આવે છે. લડાકુ વિમાનના પાયલોટે ભૂલથી પેગોડા ઉપર ચાર નેપામ બોમ્બ ઝીંક્યા. (નેપામ બોમ્બ શું છે? નેપામ બોમ્બમાં પ્રવાહીને જાડુ કરવા વપરાતું દ્રવ્ય (Geling Agent) અને પેટ્રોલ અથવા તેના જેવું જ્વલનશીલ પ્રવાહી હોય છે. ઉકળતા પાણીનું ઉષ્ણતામાન ૧૦૦°C હોય છે. નેપામ બોમ્બ ફાટવાથી અગ્નિજ્વાળામાં, ઘટ્ટ બનેલા પેટ્રોલનું ઉષ્ણતામાન ૮૦૦°C થી ૧૨૦૦°C હોય છે.) કિમ કુક પેગોડામાંથી બહાર નીકળી ને તે બોમ્બ ફૂટવાના ચાર ધડાકા સાંભળે છે. તેને ચારે બાજુ ફક્ત નેપામ બોમ્બની અગ્નિની જ્વાળાઓ દેખાય છે. આ અગ્નિજ્વાળાના છાંટા કિમ ઉપર પડે છે અને તેને પહેરેલા વસ્ત્રો સળગવા લાગ્યા. તે તેના બધા વસ્ત્રો કાઢી બધાની સાથે દોડવા લાગી. તે સમયે એસોશિયેટેડ પ્રેસનો વિયેતનામનો ફોટોગ્રાફર નીક ઉત (Nit Ut) હાજર હતો.

નીક ઉતે પ્રચંડ ગરમીથી બચવા ભાગતા લોકોને કેમેરામાં કેદ કર્યા. આ તસ્વીરમાં કિમ કુક નગ્નાવસ્થામાં દોડતી દેખાય છે. કિમ કુકની જમણી બાજુ અને તેની પાછળ જે

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

નાનો છોકરો દેખાય છે તે તેનો નાનો ભાઈ છે. કિમ ફુકની નગ્નાવસ્થામાં દોડતી તસ્વીર પાડ્યા પછી નીક ઉત કિમ ફુકને અને બીજા દાઝી ગયેલા બાળકોને તે સાયાગોનની બારસ્કી હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયો. કિમ ફુક એટલી બધી દાઝી ગઈ હતી કે તેનું બચવું અસંભવ હતું. તેને ૧૪ મહિના હોસ્પિટલમાં રાખવામાં આવી, તેના ઉપર પ્લાસ્ટિક શસ્ત્રક્રિયા સહીત કુલ ૧૭ શસ્ત્રક્રિયા કરવામાં આવી. કિમ ફુક ૧૪ મહિના હોસ્પિટલમાં શારીરિક અને માનસિક ત્રાસ સાથે વિતાવ્યા. કિમ ફુકના ૬૫ ટકા શરીર ઉપર દાઝ્યાના નિશાન છે. કિમ ફુક હોસ્પીટલના ડોકટરો અને નર્સોનો આભાર માનતા કહે છે કે જયારે મારે તેમની જરૂર પડે ત્યારે તેઓ મારી પાસે હાજર થઇ જતાં. તે ડોકટરોને કહેતી કે મારે પણ તમારી માફક ડોક્ટર બનવું છે કે જેથી હું બીજાની સેવા કરી શકું.

આ તસવીરની અગત્યતા જોઈ ન્યુયોર્ક ટાઈમ્સે પત્રકારત્વના નીતિ નિયમ “નગ્ન તસ્વીર ન છાપવી” ને, બાજુ ઉપર મૂકી છાપી હતી. આ તસ્વીર જોઈ તત્કાલીન અમેરિકાના પ્રેસિડન્ટ રીચાર્ડ નિક્સને જણાવ્યું કે આ તસ્વીર બનાવટી છે. નીક ઉતે જણાવ્યું કે વિએતનામ યુધ્ધની મારી કોઈ પણ તસ્વીર બનાવટી છે જ નહીં. આ તસ્વીર પુલિત્ઝર (Pulitzer) કમિટીએ પણ પ્રમાણિત કરી નીક ઉતને આ તસ્વીર માટે પુલિત્ઝર પુરસ્કાર આપ્યો હતો.

આ બનાવની કિમ ફુક ઉપર એટલી બધી અસર થઇ તેનો સ્વભાવ ચિડીયો થઈ ગયો હતો. કિમને સવારે ઉઠે ત્યારથી રાત્રે સુઈ જાય ત્યાં સુધી સતત દુખાવો રહેતો હતો. તે ભગવાનને દુખાવો દૂર કરવા પ્રાર્થના કરતી કે જે દિવસે મારો દુખાવો દૂર તે દિવસે હું સ્વર્ગસુખ પ્રાપ્ત કરીશ. જયારે ઋતુ બદલાતી ત્યારે તેને વધુ દર્દ થતું. વખત જતા તે દર્દ સાથે રહેવા ટેવાઈ ગઈ. જયારે તેને દર્દ થતું અને શરીર ઉપર દાઝ્યાની નિશાની જોતી ત્યારે તેને લાગતું કે તેને કોઈ છોકરો પરણશે નહીં અને હું બીજાની માફક સામાન્ય જીવન નહીં જીવી શકું. વિયેતનામ અને અમેરિકન સૈનિકોને તે ધિક્કારતી હતી. તે પોતાની તસ્વીર જોતા પણ ગુસ્સે થઇ જતી.

૧૪ મહિના હોસ્પીટલમાં રહ્યા બાદ કિમ ફુક પોતાના ત્રંગ બંગ ગામ પહોંચી. ગામ ખંડીયર થઇ ગયું હતું. કિમ ફુકને તેના કાકાએ તેને અને તેના પિતરાઈ ભાઇને ભણવા માટે શિક્ષણ છાવણી (Education Camp)માં મોકલી આપે છે. ૧૯૭૫ની સાલમાં વિયેતનામ

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

યુદ્ધ પૂરું થયું. ૧૯૮૪ની સાલમાં કિમ કુકે ક્રિશ્ચિયન ધર્મ અંગીકાર કર્યો. ક્રિશ્ચિયન ધર્મ અંગીકાર કર્યા પછી તેના જીવનમાં ઘણું પરિવર્તન આવી ગયું. પ્રેમ, આશા અને માફી તેના જીવનમંત્ર બની ગયા. તેને જેણે કદરૂપી બનાવી તેને તે માફી બક્ષે છે. કિમ કુક શાળાનું ભણતર પુરું કરી મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવે છે. વિએતનામની સરકાર કિમ કુકનો ઉપયોગ પ્રચાર માટે કરતી હોવાથી તેને કોલજમાં વારંવાર રજા લેવી પડતી અને અભ્યાસમાં પુરતું ધ્યાન આપી શક્તિ નહીં. તેથી તે વિયેતનામ છોડી મેડીશનનો અભ્યાસ કરવા ક્યુબા જાય છે.

વિયેતનામના યુદ્ધ પછી કિમને ૧૯૮૯ની સાલમાં ક્યુબામાં કિમને મળ્યો હતો. કિમે ઉતને તેના બોયફ્રેન્ડ બુઈ હુઈ ટોઅન સાથે મુલાકાત કરાવી. કિમે ઉતને કહ્યું કે તેના પિતા તેના લગ્ન ટોઅન સાથે નહીં કરવા દે કારણકે તે ઉત્તર વિયેતનામી હતો. પણ કિમના પિતા ટોઅન જે રીતે કિમની કાળજી રાખતો હતો તેનાથી તે પ્રભાવિત હતાં અને લગ્ન માટે મંજૂરી આપી. કિમ અને ટોઅન પાસે લગ્ન કરવા પુરતા પૈસા ન હતાં. ક્યુબાના લોકો અને સામ્યવાદી એમ્બસીઓ દ્વારા પૈસા ભેગા કરી લગ્ન કરાવી આપી મોસ્કો હનીમૂન માટે મોકલ્યા. મોસ્કોથી પાછા ફરતા તેમનું વિમાન ઇંધણ પુરાવવા ન્યુ ફાઉન્ડલેન્ડ (કેનેડા) ઉતર્યું અને કેનેડાની સરકાર પાસે તેમણે રાજકીય આશ્રયની માંગણી કરી. કિમને રાજ્યાશ્રય મળતા તે ટોરન્ટો આવી. અત્યારે ત્યાંના એજેક્સ (Ajex) નામના તે પરગણામાં રહે છે.

અત્યારે કિમ કુક યુનેસ્કોની બ્રાંડ એમ્બેસેડર તરીકે દર વર્ષે જુદી જુદી જગ્યાએ ૨૦–૨૫ પ્રવચનો આપે છે. એક વખત ૨૦૧૫ની સાલમાં કિમ કુક ઓહાયો રાજ્યની એક રોટરી ક્લબમાં પ્રવચન આપવા આ પ્રવચનમાં તેણે સતત દુખાવો રહે છે. શ્રોતામાં એક ૭૧ વર્ષના ડેવિડ વેઇબેલ હતા. ડેવિડને કલ્પના પણ ન હતી કે કિમ કુક આટલા બધા દર્દથી પીડાતી હશે. સંજોગોવસાત ડેવિડની પુત્રવધૂ જીલ વેઇબેલ માયામીમાં ચામડીના રોગોની નિષ્ણાત (ડરમેટોલોજીસ્ટ) છે. જીલે દાઝી ગયેલા માટે ફ્રેકશનલ લેસરની ટેકનીક શોધી છે. જીલે કિમ કુકની સારવાર મફત કરવાનું નક્કી કર્યું પણ કિમ કુક પાસે ટોરોન્ટો થી માયામીની એર ટિકિટના પૈસા ન હતા. જીલે તેમની એર ટિકિટના પૈસા માટે દાતા શોધી કાઢ્યા. કિમ જીલ પાસે સારવાર કરાવવા ફ્લોરિડા જાય છે. કિમે જીલ પાસે સારવાર કરાવ્યા પછી દાઝેલી ચામડીની નિશાનીઓ જતી રહી અને તેનું દર્દ પણ કાયમ

માટે દૂર થયું અને તેને હવે પૃથ્વી સ્વર્ગ બરાબર લાગે છે.

૨૦મી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ નોર્વેના પ્રસિદ્ધ લેખક અને પત્રકાર ટોમ એજલેન્ડે (Tom Egeland) સમાચારપત્ર Aftenposten માટે એક લેખ લખ્યો આ લેખમાં કેટલીક તસ્વીરો જે દુનિયામાં બદલાવ લાવી શકે છે તેવી પ્રસિદ્ધ આઠ તસ્વીરો હતી. આ તસ્વીરોમાં કિમ ફુકની તસ્વીર જે યુદ્ધની ભયાનકતાની પ્રતિતાત્મક (iconic) હતી, જે વિયેતનામ યુદ્ધનો અંત લાવવા માટે જવાબદાર હતી અને જે તસ્વીર માટે નીક ઉતને પુલિત્ઝર પુરસ્કાર મળ્યો હતો તે પણ હતી. આ આખો લેખ ટોમ એજલેન્ડે પોતાની Facebook ઉપર મુક્યો. પત્રકારત્વની આચારસંહિતા “નગ્ન તસ્વીર છાપી ન શકાય” ના આધારે આ તસ્વીર ફેસબુકમાંથી કાઢી નાખી નોર્વેમાં આનો સખ્ત વિરોધ થયો. નોર્વેના વડાપ્રધાન શ્રીમતી એર્ના સોલબર્ગે (Erna Solberg) પણ ફેસબુક ઉપર આ તસ્વીર મુકી વિરોધ નોંધાવ્યો. ફેસબુકે આ ફોટો પણ કાઢી નાખ્યો. કિમ ફુકના સેક્રેટરીને આ બાબતમાં કિમ ફુકના મંતવ્ય માટે પુછવામાં આવતા તેણે જણાવ્યું:

She is saddened by those who would focus on the nudity in historic picture rather than the powerful message it coveyes.

She fully support the documentary image taken by Nick Ut as a moment of truth.

આખરે ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ ફેસબુકના CEO માર્ક ઝુકરબર્ગે આ પ્રતિતાત્મક તસ્વીર માટે પ્રતિબંધ ઉઠાવી લીધો.

ઉપર નોર્વેના પ્રમુખ શ્રીમતી એર્ના સોલબર્ગેનો ઉલ્લેખ કર્યો છે તો તેમની એક ખાસિયત પણ જાણી લો. તેમની ખાસિયત છે મોબઈલ ફોનમાં પોકીમોન ગેઇમ રમવાનો અને તે પણ ચાલુ સાંસદે.

– પ્રિયમુખ પનાલાલ,
વડોદરા,
મો. ૯૧૦૬૬ ૨૫૬૪૭

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.






સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

**Address Changed** ★★★

Shobhna R. Parikh : M. 98253 79313
Mehul R. Parikh : M. 95375 50919
Hiral Parikh : M. 98253 79313
C-201, Indraprasth Greens, Near Sangrila Arcade,
Opp. Shyamal 3B Raw House,
Near Shyamal char Rasta, Ambavadi,
Ahmedabad - 380 015

**વાયુદેવતા મંદિર, અમદાવાદ**

**રૂ. ૧૧,૧૧૧/– અમીબહેન સૌરભભાઈ શાહ તરફથી તેમના પુત્રના પલાશના લગ્ન નિમીત્તે અખંડ દીવાના ઘી માટે ભેટ**

**શબ્દોનો શણગાર**

- જ્યારે મૌન થશો ત્યારે જગતને સમજ્યા ગણાશો.
- પોતાની નિષ્ઠા અને સત્યતા જેટલી હોય તેટલો સંસાર ફળે.
- જેમ પોતાની ભૂલ દેખાતી જાય તેમ જગત વિસ્મૃત થતું જાય, સમાધિ રહે.
- સામો માત્ર નિમિત્ત અને પોતે જ દોષિત, એમ જાણે ત્યારથી ભગવાનના દાસ થવા માંડે.
- મતભેદ એટલે સામાના 'વ્યૂપૉઈન્ટ' ન સમજવા તે.
- દુનિયાનાં સુખ-દુઃખ આરોપિત છે.
- સાંસારિક હિતાહિતનું ભાન જતું રહે, તે મોહ.
- સંસારમાં સુખી થવા માટે પૈસા જોઈતા હોય તો એક જ રસ્તો છે: "મન-વચન-કાયાથી કદી જ ચોરી ન કરીશ".
- કોઈને પણ તમે કારણ વગર જવાબ આપો તો તમારી કેટલીય શક્તિઓ વેડફાઈ જાય છે.

**વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.**

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# શ્રી સમસ્ત વાયડા સ્ત્રી સમાજ, મુંબઈ

સવિનય જણાવવાનું કે સમાજની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂરા થઈ ગયા છે. સમાજનું કાર્ય ઘણી સારી રીતે ચાલ્યું હતું. કાર્યવાહક સમિતિએ ઘણું સારું કાર્ય કર્યું હતું. ઘણા વર્ષ સુધી કેળવણી બાબતે શાળા અને કોલેજ કક્ષાએ પુસ્તકો અને નોટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની સફળતા માટે ઈનામો આપી ઉત્સાહ વધાર્યો હતો. આ ઉપરાંત નવરાત્રી ઉત્સવ – પર્યટન વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. આવક – જાવકનો હિસાબ પણ રાખવામાં આવતો હતો. સમાજમાં આજીવન સભ્યો તથા અન્ય સભ્યોનો સહકાર સારો મળતો હતો. છેલ્લા થોડા વરસથી મંડળ બંધ કરવાનું વિચારવામાં આવ્યું હતું. હાલના સંજોગો કોવીડ – ૧૯ તથા અનિવાર્ય સંજોગોને લીધે મંડળ બંધ કરવાનો નિર્ણય કમીટીએ લીધો છે. પ્રમુખ, ઉપ–પ્રમુખ તથા સર્વે કમીટીના સભ્યો આપના સહકાર બદલ આભાર માને છે.

મંડળ તરફથી નીચેની રકમનુ ડોનેશન કરવામાં આવ્યું છે.

(૧) રૂા. ૨૫,૦૦૦/– (વાયડ) સમીરી કામદાદેવીને ભેટ

(૨) રૂા. ૩૫,૦૦૦/– (ભરૂચ) વાયડ માતાજીના મંદિરના બાંધકામ નિમિત્તે ભેટ (તા. ૨૦–૫–૨૦૨૧)

(૩) રૂા. ૫,૦૦૦/– વાયુદેવતા મંદિર બોરીવલિ (મુંબઈ), તા. ૨–૫–૨૦૧૯

(૪) રૂા. ૨,૫૦૦/– સમસ્ત વાયડા સમાજ (મુંબઈ) ને ભેટ

(૫) રૂા. ૧૦,૦૦૦/– વાયડા મિત્રને ભેટ (તા. ૨૯–૧૧–૨૦૧૯)

(૬) રૂા. ૮,૫૦૧/– વ્રજવિહાર વૈષ્ણવ હવેલી, કાંદીવલી (ઈ), તા. ૧૩–૨–૨૧

તેથી હવે અંતે અમે વાયડા સ્ત્રી સમાજ મંડળનું સમાપન કરી દીધું છે.

સર્વે કમીટી મેમ્બરના વાયુ ભગવાનને પ્રણામ.

**– ઉપ–પ્રમુખ : શ્રીમતી સુધાબેન અશ્વિનભાઈ મર્ચન્ટ**
**તથા સર્વે કમીટી મેમ્બર્સ**

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.




સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વિદ્યાબહેન જમનાદાસ પારેખ (પાટણ) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.

## શ્રી સમીર વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદ

શ્રી સમીર વણિક સમાજ મહિલા મંડળનો તારીખ ૧૦ માર્ચના રોજ બાલાજી રેસ્ટોરન્ટમાં ગેટ–ટુ–ગેધર નો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામમાં ૪૫ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પ્રોગ્રામની શરૂઆત યમુનાષ્ટકના પાઠથી કરવામાં આવી હતી. ત્યાર બાદ મંડળના સભ્ય સ્વ. નિરંજનાબેન ચંદ્રકાન્તભાઈ પરીખ માટે બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

દિવ્યા નિલય પરીખ જેવો કમિટીના મેમ્બર છે, તેઓએ હાજર રહેલી બહેનોને બેઠા–બેઠા યોગ સરળતાથી કરી શકે, તેવા આસનો અને sukshma ક્રિયા, દરેક ઉંમરની બહેનો કરી શકે જેનાથી શરીરમાં લોહીનું પરિભ્રમણ યોગ્ય રીતે થાય અને શરીરના બધા જ અંગો એક્ટિવ થાય.

ત્યારબાદ કાઠીયાવાડી ભોજનને ન્યાય આપ્યો. હાઉસની રમત રમાડી અને ઈનામોની વહેંચણી કરી. અગાઉ બે વખત google meet દ્વારા શ્રી મીતાબેન રાકેશભાઈ પરીખે હાઉસની રમત રમાડી હતી જેના ૧૫ ઈનામો મંડળ તરફથી આપવામાં આવ્યાં હતાં.

હાઉસીની રમત પછી લીનાબેન કલ્પેશભાઈ પરીખના સજેશનથી શ્રી જાગૃતિબેન શાહનો પેપર કટીંગનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. શ્રી જાગૃતિબેન દિવ્યાંગ છે તેમને એક હાથની ચાર આંગળી નથી, છતાં પણ કાતર કે કોઈ પણ સાધન વગર બે હાથથી પશુ, પક્ષી, મંદિર, ઘરના વાસણો, શ્રવણનું કાવડ જેવા અનેક ચિત્રોનું કાર્વિંગ કર્યું. હાજર રહેલી બહેનોને ખૂબ મજા આવી, કંઈક નવું શીખવાનો આનંદ વ્યક્ત કર્યો.

ત્યારબાદ મંડળના પ્રમુખશ્રી સ્મૃતિબેન રાજેન્દ્રભાઈ શાહ એ તેમના પ્રવચન દરમ્યાન મંડળની બહેનોને સ્ત્રીઓને લગતા રોગોની સમજ આપી. આવા રોગોની ખબર ખૂબ જ મોડેથી પડે છે. તેથી રોગ થાય એ પહેલાં શું કાળજી રાખવી જોઈએ અને કયા કયા ટેસ્ટ કરાવવા જોઈએ તેની વિસ્તારપૂર્વક જાણકારી આપી. છેલ્લે કંઈક મળ્યાનો આનંદ સાથે જય શ્રી કૃષ્ણ કહી સૌ છુટા પડયા.

– **સ્મૃતિબેન રાજેન્દ્રભાઈ શાહ, પ્રમુખ**

**સોનલબેન શરદભાઈ પરીખ, સેક્રેટરી**

સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ–માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

## અભિનંદન

Gujarat Chamber of Commerce and Industry (GCCI) માં છેલ્લા ત્રણ વર્ષથી શ્રી અમિત ગોરધનદાસ પરીખ (કડી–અમદાવાદ) ચેરમેન – સ્ટાર્ટ અપ કમિટી તરીકે સ્વૈચ્છિક સેવાઓ આપી રહ્યાં છે. તેઓ જીસીસીઆઇ માં એક્ઝીક્યુટીવ કમીટી મેમ્બર તરીકે કાર્યરત છે. સ્ટાર્ટ અપને ઈન્ડસ્ટ્રી સાથે જોડવાનું અને મેન્ટરીંગનું કામ તેઓ કમિટી દ્વારા કરી રહ્યા છે. તેઓ નેશનલ લેવલની સંસ્થા MSME & Startups Forum - Bharat ના નેશનલ જનરલ સેક્રેટરી તરીકે સ્વૈચ્છિક સેવાઓ આપે છે. છેલ્લા બે વર્ષથી તેઓ Indian Chamber of Commerce (ICC) ના ગુજરાતના અધ્યક્ષ તરીકે સ્વૈચ્છિક ફરજ બજાવે છે. જ્ઞાતિના કોઈ પણ સભ્યોને સ્ટાર્ટઅપ અંગે માર્ગદર્શન જોઈતું હોય તો તેમનો સંપર્ક કરી શકે છે. E-Mail : amit@harmonyfinex.com

## શ્રીજી મહિલા મંડળ, ભુજ – કચ્છ

શ્રીજી મહિલા મંડળ, ભુજ – કચ્છ દ્વારા વર્ષ ૨૦૨૨–૨૩ માટેની કારોબારીની રચના કરવામાં આવી હતી. તે મુજબ નીચેના સભ્યો મુખ્ય કારોબારીમાં રહેશે.

પ્રમુખ :– માધવીબેન મેહુલભાઈ શાહ

ઉપપ્રમુખ :– રૂપાબેન રમેશભાઈ શાહ

મંત્રી :– પ્રિયાબેન પારસભાઈ શાહ

કોષાધ્યક્ષ :– જ્યોતિબેન દિપેશભાઈ શાહ

સહ કોષાધ્યક્ષ :– પ્રીતિબેન પ્રફુલ્લભાઈ શાહ

સલાહકાર :– ભારતીબેન નવનીતભાઈ શાહ, વર્ષાબેન પ્રફુલ્લભાઈ શાહ

## Matrimonial

Yash Himanshu Gandhi

Date of Birth : 21-4-1995 Height : 5’-7”

M.B.A. in Finance / B.Tech in Electronics

Senior Consultant at One of the MNC’s, Banglore

Contact : Himanshu Dineshchandra Gandhi

Baroda. (M) 91-94287 67271

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

## અમદાવાદ દશા વાયડા વણિક મહિલા મંડળ

## રસિયાના પ્રોગ્રામનો અહેવાલ

આપણો ભારત દેશ ઉત્સવપ્રિય દેશ છે. વર્ષ દરમિયાન કેટલાય તહેવાર ઉજવાય છે. તેમાં પણ હોળીનો તહેવાર વિશેષ મહત્વ ધરાવે છે. હોલિકાદહન વિશે તો બધાને ખબર જ છે પણ ઋતુઓની રાણી વસંત ઋતુ ને વધાવવા માટે હોળીનો ઉત્સવ ઉજવાય છે. આપણા પુષ્ટિમાર્ગીય મંદિરોમાં વસંત પંચમીથી લઈ છેક હોળી–ધુળેટી સુધી અબીલ, ગુલાલ, ચોવા, કેસૂડાના પાણીના રંગથી હોળી ખેલ ખેલાય છે. સાથે સાથે વસંતના કીર્તન પછી ધમારના ગાનને હોળી રસિયા ગાન સાથે આ ઉત્સવ ઉજવાય છે.

અ.દ.વા.વ. મહિલા મંડળની બહેનો તા. 10-3-2022 ને ગુરુવારના રોજ હોળી રસિયા તથા ફુલફાગનો કાર્યક્રમ લઈને આવી. વાયુદેવતા મંદિર હોલમાં શ્રી ઠાકોરજી માટે ખૂબ જ સુંદર સિંહાસન સિદ્ધ કરી તેમાં ઠાકોરજીને પધરાવ્યા જાણે નાનું વ્રજ બની ગયું. કાર્યક્રમની શરૂઆત યમુનાષ્ટક પાઠ થઈ. ત્યાર બાદ શ્રીઠાકોરજી ને અબીલ–ગુલાલ અને ફૂલોથી ખેલાવી રસિયાગાનની શરૂઆત કરી.

પલ્લવીબેન, શોભનાબેન, નીતાબેન, સ્નેહાબેન, અલકાબેન વગેરેના સખીવૃંદે – શ્રી ગોવર્ધન મહારાજ... ગાઈ રસિયાની શરૂઆત કરી. પછી એક પછી એક રસિયા ચાલુ થયાં. આજ બિરજ મેં હોરી રે રસીયા..., જમુના કીનારે મેરો ગાંવ..., મેરો ખોઈ ગયો બાજુબંધ..., મે તો ન જાઉં સસુરાલ સખી રી ફાગુણ મેં..., રસિયા કી રસીલી બન જાઉનગી..., ફગુવા દે મોહન... વિગેરે સતત બે કલાક સુધી રસિયા ગાયા. વચ્ચે વચ્ચે ગાનને અનુરૂપ એક્શન, ગરબા, હીંચ, ભાંગડા વગેરેની એવી રમઝટ જામી કે આવેલ તમામ બહેનો રસિયાના રંગમાં ડૂબી ગઈ. હોલી મચાઈ નંદલાલા મહોલ્લા મેં મચ ગયો હલ્લા.... આ રસિયામાં પેંડા... બરફી... પૈસા... રૂમાલ... જેમ જેમગીતમાં આવતું ગયું તેમ તેમ લૂંટાવ્યું. ફગવા દે મોહનમાં... બધાને ફગવા (શોભનાબેન તરફથી) તથા અબીલ ગુલાલ (સ્નેહાબેન તરફથી)ના પેકેટ આપવામાં આવ્યાં હતાં. એકબીજા ઉપર ફૂલો નાંખી

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ(પાટણ)ના સર્વેને જય શ્રી કૃષ્ણ. હ. સુજલ પરિમલભાઈ પરીખ

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

હોળી ખેલનો આનંદ લીધો. આખો હોલ ફૂલોની પત્તી થી... છવાઈ ગયો. વાતાવરણ એટલું રંગીલું બની ગયું કે બધાં એકી અવાજે બોલી ઉઠ્યાં કે આવતા વર્ષે રસિયાનો પ્રોગ્રામ નક્કી.

પહેલા અનિવાર્ય સંજોગોને લઈને આ પ્રોગ્રામ બંધ રાખ્યો પણ ઠાકોરજી એ તેમના કુટુંબીજનોને પ્રેરણા કરી અને તેઓએ પ્રોગ્રામ ચાલુ રાખવાનું કહ્યું. ઠાકોરજીની કૃપા થકી અમારા ભાવનું પોષણ થયું અને એક ભવ્ય પ્રોગ્રામ થયો. રસિયાનો રસ તો જેણે માણ્યો હોય તે જ જાણે.

પ્રોગ્રામને અંતે મંડળ તરફથી બધાંને પેંડા–ચેવડો–વેફરનો નાસ્તો; તથા ઠંડાઈ લીનાબેન તરફથી આપવામાં આવી હતી. અંતે આનંદમય વાતાવરણમાં એકબીજાને જય શ્રી કૃષ્ણ કહી વિખરાયા.

500 રૂપિયા અલકાબેન શ્યામુભાઈ તરફથી તેમના પુત્રની ફેક્ટરીના નિર્માણ નિમિતે મંડળને ભેટ રૂપે મળ્યાં હતાં જેનો મંડળે સાભાર સ્વીકાર કર્યો.

– **જયશ્રીબહેન જે. શાહ, પ્રમુખ**
**લીનાબહેન એન. શાહ, સેક્રેટરી**

## હવન (કડી)

દર વર્ષ મુજબ ચાલુ વર્ષે માતાજીના પાટોત્સવ નિમિત્તે સ. 2078ના વૈશાખ સુદ -5 ને શુક્રવાર તા. 6-5-2022ના રોજ કડી મુકામે હવન રાખેલ છે. સર્વે જ્ઞાતિજનોને આ ધાર્મિક પ્રસંગે પધારવા હાર્દિક આમંત્રણ છે. સવારે તેમ જ સાંજે પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. બહારગામથી આવનાર દરેક તા. 2-5-2022 અગાઉ જાણ કરવાની રહેશે.

સ્થળ : પટવા પોળ, કડી

શ્રીફળ હોમવાનો સમય : સાંજે 5-30 કલાકે

– **બકુલભાઈ રામલાલ પરીખ**
**મો. નં. 98253 34913**

એમ.જે.નગરશેઠ (અમેરિકા) ના જય શ્રી કૃષ્ણ

# વિશા વાયડા વણિક પંચ ભરૂચ

ભાવભર્યું સ્નેહસભર નિમંત્રણ

કુળદેવી વાયડ માતાજીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

વ્હાલા જ્ઞાતિજનો,

ભરૂચમાં નગરશેઠની ખડકી, નવા ડહેરા ખાતે જીર્ણોધ્ધાર કરી વાયડ માતાજીના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ચૈત્ર સુદ ૧૫ તથા ચૈત્ર વદ–1 તા. 17-4-2022 રવિવારના શુભ દિને ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ મહોત્સવનો અલભ્ય લાભ સર્વે જ્ઞાતિજનોના સભ્યોને મળે તેવી અમારા સૌની અદમ્યા ઇચ્છા છે. ઉપરોક્ત મંદિર અંગે જ્ઞાતિજનોએ સદર બાંધકામમાં સફળતાના સોપાન કરાવી ઉત્કૃષ્ટ સહકાર અર્પણ કરેલ છે. તે સર્વ ભાવિક જ્ઞાતિજનોનો હ્રદયપૂર્વક આભાર અને લાગણી પ્રકટ કરવા અમો ઉત્સુક છીએ.

ઉપરોક્ત ઉત્સવની સંપૂર્ણ માહિતી નીચે પ્રમાણે છે.

તા. 16-4-2022 ના રોજ પૂજાનો પ્રારંભ થશે.

તા. 17-4-2022 રવિવારના રોજ સવારે 9 કલાકે પૂજા પ્રારંભ

11 કલાકે મહાસ્નપન

12-30 થી 1-30 પ્રસાદી

બપોરે 1-45 કલાકે સયાધિવાસ અને ધાન્યાધિવાસ બપોરે 3-00 કલાકે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સાંજે 6-00 કલાકે આરતી તથા પૂર્ણાહુતિ શમી સાંજે 7-30 મહાપ્રસાદી

આપ સર્વે ભાવિક જ્ઞાતિજનોને ખાસ આ ઉત્સવનો આનંદ લુંટવા નિમંત્રણ પાઠવીએ છીએ.

માર્ચ મહિના દરમિયાન જ્ઞાતિજનોએ ઉત્સાહ દાખવી નીચે પ્રમાણે અનુદાન આપ્યું છે.

(1) સ્વ. નિરવા સુહરીદ ચોક્સીના સ્મરણાર્થે હસ્તે સુહરીદ બી. ચોકસી જર્મની 10,000/-

(2) ચંદ્રવદનભાઈ જે. ગંભીરવાલા મુંબઈ 500/-

(3) નીલાબેન જગદીશચંદ્ર મહેતા મુંબઈ 2501/-

(4) પ્રજ્ઞાબેન દીપકકુમાર પરીખ અમદાવાદ 2501/-

| | | |
|---|---|---|
| (5) | સ્વ. સુશીલાબેન પ્રાણલાલભાઈ શાહના સ્મરણાર્થે<br>હ. ભાવનાબેન તથા ચેતનાબેન, પાટણ | 5000/- |
| (6) | નિરવભાઈ નિરંજનભાઈ શાહ, ભરૂચ | 1001/- |
| (7) | સ્વ. ચારુલતાબેન સુરેશચંદ્ર તોલાટના સ્મરણાર્થે<br>શીલ્પાબેન એ. તોલાટ ભરૂચ | 2551/- |
| (8) | સ્વ. સુરેશચંદ્ર વદનલાલ તોલાટના સ્મરણાર્થે<br>આસિત એસ. તોલાટ ભરૂચ | 2551/- |
| (9) | સ્વ. નિકુંજકુમાર એસ. તોલાટ<br>સ્વ. હિતેનકુમાર એસ. તોલાટના સ્મરણાર્થે<br>હસ્તે હર્ષદભાઈ એ. તોલાટ, ભરુચ | 2551/- |
| (10) | સ્વ. સુમંતલાલ ભોગીલાલ દલાલ<br>સ્વ. જયાબેન સુમંતલાલ દલાલ,<br>સ્વ. ધનવંતલાલ ભોગીલાલ દલાલ<br>સ્વ. કોકિલાબેન (શીલ્પાબેન) હરબીંદભાઈ દલાલના<br>સ્મરણાર્થે હ. હરવીંદભાઈ સુમંતલાલ દલાલ<br>(નાનુભાઈ) અમીતભાઈ હરબીંદભાઈ દલાલ તથા<br>મુંબઈ ડૉ. નીલિમાબેન હેમાંસુભાઈ કાપડીઆ. | 300001/- |
| (11) | સ્વ. નીલાબેન ઉપેન્દ્રભાઈ શેઠના સ્મરણાર્થે<br>હ. સપનાબેન આર. પરીખ, મુંબઈ | 11001/- |
| (12) | સ્વ. રમાબેન મહેશચંદ્ર પરીખના સ્મરણાર્થે<br>હ. રિપુંજયભાઈ એમ. પરીખ, મુંબઈ | 11001/- |
| (13) | ધ્રુતિબેન કે. સુરતી, ભરૂચ | 2500/- |
| (14) | ધરાબેન સી. પરીખ વડોદરા | 2500/- |
| (15) | સ્વ. તુલસીદાસ પુરુષોત્તમદાસ મારફતીઆ તથા<br>સ્વ. નિર્મળબેન ટી. મારફતીઆના સ્મરણાર્થે<br>હ. ભાવના હેમંતકુમાર વૈદ્ય, વડોદરા | 49001/- |

માતાજીના આભુષણો બનાવવા માટે પાટણથી અજયભાઈના પ્રયત્નોથી હરેશભાઈ દિલીપભાઈ ભરૂચ આવીને માતાજીના અનુરૂપ આભુષણો બનાવવા માટે સંમત થયા હતાં અને મહોત્સવ અગાઉ તૈયાર કરવા જણાવ્યું છે. આભુષણો

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

માટે ચાંદી નીચે પ્રમાણે આપવા જણાવ્યું છે અંદાજીત પાંચ કીલો ચાંદી વપરાશે તેમ જણાવ્યું હતું.

| | |
|---|---|
| 2 કીલો | શ્રી વાયડા વણિક મહિલા મંડળ, ભરૂચ |
| 1 કીલો | સ્વ. શ્રી ભોગીલાલ જયચંદ્રદાસ પંચાલના સ્મરણાર્થે હ. હરેશભાઈ દિલીપભાઈ, પાટણ |
| 500 ગ્રામ | સ્વ. રતિલાલ વી. ચોક્સી તથા સ્વ. જયેન્દ્રાબેન આર. ચોકસીના સ્મરણાર્થે હ. રમેશ ચોક્સી પરિવાર, મુંબઈ |
| 300 ગ્રામ | આકાશ એમ. શાહ, હિમાલય એમ. શાહ, જીનીષ કશ્યપભાઈ શાહ સપન કે. શાહ, ભરૂચ |
| 250 ગ્રામ | કિશોરભાઈ નંદલાલ પરીખ ભરૂચ |
| 250 ગ્રામ | સ્વ. રાજુભાઈ મારફતીયા તથા સ્વ. મિનાક્ષીબેન મારફતીઆના સ્મરણાર્થે, હ. હેમંતભાઈ આર. મારફતીઆ, ભરુચ |

ઉપર પ્રમાણે દાનનો પ્રવાહ અવિરત ચાલી રહ્યો છે તે જ બતાવે છે કે વાયડ માતાજીમાં જ્ઞાતિજનોને અતુટ વિશ્વાસના દર્શન થાય છે. ભરૂચ ટ્રસ્ટી મંડળ, જ્ઞાતિજનો તથા વાયડા વણિક મહિલા મંડળના સભ્યશ્રીઓ હૃદયપૂર્વક સર્વેનો આભાર માને છે. મંદિર અંગેનો પ્રોગ્રામ અંગેની માહિતી તથા બેંકની વિગત નીચે પ્રમાણે ટ્રસ્ટીઓ પાસેથી મળી રહે તે માટે નીચે નંબર આપ્યા છે.

વિશા વાયડા વણિક પંચ બેંક ઓફ બરોડા ભરૂચ મેઈન બ્રાન્ચ એકાઉન્ટ નંબર. 02200100025895 IFSC Code BARB0BROACH

| ટ્રસ્ટીના નામ | ફોન નંબર |
|---|---|
| મહેન્દ્ર આર. ચોક્સી | 98980 26045 |
| વિપુલ સી. દલાલ | 98240 52232 |
| હેમંત આર. મારફતીઆ | 98250 26007 |
| આસિત વાય. તોલાટ | 98244 63613 |

મહોત્સવનું સ્થળ : વાયુદેવતા મંદિર, નગરશેઠની ખડકી, દત્તાત્રએય મંદિરની ગલીમાં, નવા ડહેરા, ભરુચ

**– મહેન્દ્ર આર. ચોક્સી, ભરુચ**

પ્રદીપ નવનીતલાલ શાહ પરિવાર (પૂના)ના સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ,** દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

અમદાવાદ : દિતીન ગુણવંતભાઈ શાહ, ઉ. વ. 67, તા. 5-3-2022

અમદાવાદ : ગં. સ્વ. સુધાબેન નિરંજનભાઈ ગાંધી (મૂળ પાટણ) ઉ. વ. 81, તા. 20-3-2022

નોંધ : વાયડામિત્રના ગત માસના અંક (માર્ચ–22)માં જ્ઞાતિ સમાચારમાં છપાયેલ લગ્નના સમાચાર અન્વયે ચિ. કાજલના લગ્નનિમિત્તે નાનાલાલ તલકશી શાહ અને અ.સૌ. કંચનબેન શાહ તરફથી વાયડામિત્રને રૂ. 5,001/- ભેટ મળેલ છે.

## Receipts Till 25-3-2022

| Receipt No. | Person name | Amout | Towards Which |
|---|---|---|---|
| 179 | Bharatbhai Arvindbhai Shah | 1500 | Diwali Adv. |
| 180 | Shri Samiri Vanik Samaj Utkarsh Mandal | 12000 | Adv. |
| 181 | Ripalbhai Kiritbhai Parikh | 400 | Adv. |
| 182 | Rameshwar Developers | 400 | Adv. |
| 183 | Respected, One Gnatijan | 50,000 | Donation |
| | Correction | | |
| 175 | Nanalal Shamjibhai Shah | 5001 | Donation |

– **વ્યવસ્થાપક**

અંતિમક્રિયા માટે ગેસ અને વિદ્યુત ચિતાના ઉપયોગ માટે આગ્રહ રાખો: પ્રિયમુખ

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ-શ્રધ્ધાંજલિ ★★★



**સ્વ. અ. સૌ. કામિની હેમંતભાઈ મારફતીયા**

જન્મ તાઃ ૧૮-૫-૧૯૬૩ શ્રીજી ચરણઃ ૨૭-૪-૨૦૨૧ (હનુમાન જયંતી)

આપની અણધારી અંતિમ વિદાય અમોને સૌને ખૂબ વસમી લાગે. આપનો સદાય હસતો અને સંતોષથી ભરપૂર ચહેરો હજી પણ આંખો સામે તરવરે છે.

આપ સાદગીભર્યું અને પ્રભુમય જીવન જીવ્યા અને પરમશાંતિથી શ્રીજીબાવાનું શરણ પામ્યા.

આપની યાદ સદાય અમારા હૃદયમાં અંકિત રહેશે.

સ્નેહ, નિઃસ્વાર્થ જીવન અને ત્યાગના મધુર સંસ્કારનો વારસો આપનાર પૂજ્ય કામિનીબહેનની પ્રથમ પુણ્યતિથીએ મારફતીયા પરિવાર તરફથી ભાવભીની શ્રધ્ધાંજલિ.

પળેપળ તને હંમેશા યાદ કરતાં અમે

હેમન્ત રાજેન્દ્ર મારફતીયા

ઈશાન હેમંતભાઈ મારફતીયા
હાર્દી ઈશાનભાઈ મારફતીયા

માનસી સિધ્ધાર્થભાઈ મોદી
સિધ્ધાર્થ રાજુભાઈ મોદી

★★★

## શ્રધ્ધાંજલિ

### સ્મરણોની મહેંકતી ધૂપદાની







**અ.સૌ. આશાબેન હર્ષદભાઈ પરીખ**

**જન્મ ૨૦-૮-૧૯૫૨ ● શ્રીજીચરણ : ૨૨-૪-૨૦૨૧**

ના ચિઠ્ઠી, ના કોઈ સંદેશ,
કૌન સા હૈ યે દેશ,
જહાં તુમ ચલી ગઈ.
સબ કે દિલ કો લગા કે ઠેસ,
કહાં તુમ ચલી ગઈ.

પળેપળ તને હંમેશા યાદ કરતાં અમે

હર્ષદ શ્યામલાલ પરીખ

નેહા દક્ષેશ શાહ
દક્ષેશ જીતેન્દ્રભાઈ શાહ
તનિષ્કા - ત્વિષા

નિધિ પાર્થેશ દવે
પાર્થેશ પ્રદ્યુમ્નભાઈ દવે
આર્યા

★★★

## શ્રધ્ધાંજલિ







**સ્વ. દિતીનભાઈ ગુણવંતલાલ શાહ**

જન્મ તાઃ ૨૬-૦૮-૧૯૫૪ શ્રીજીચરણઃ ૫-૩-૨૦૨૨

પરમકૃપાળુ પરમાત્મા આપના

જીવાત્માને ચિર શાંતિ અર્પે

તેમ જ આવી પડેલ દુઃખ

સહન કરવાની સૌને શક્તિ આપે

એ જ પ્રાર્થના

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

## શ્રધ્ધાંજલિ

★★★



**સ્વ. વનલીલાબહેન વાડીલાલ મહેતા**

જન્મ તા: ૧–૧૨–૧૯૩૦ શ્રીજીચરણ: ૧૩–૨–૨૦૨૨

પરમકૃપાળુ પરમાત્મા આપના

જીવાત્માને ચિર શાંતિ અર્પે

તેમ જ આવી પડેલ દુઃખ

સહન કરવાની સૌને શક્તિ આપે

એ જ પ્રાર્થના

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

★★★

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ





**સ્વ. ભગવાનલાલ દેવચંદ વાયડા**

**ઉં.વ. ૮૩, સ્વર્ગપ્રયાણ તારીખ : ૨૫–૪–૨૦૨૧**

જીવન એવું જીવ્યા કે મૃત્યુ પણ શરમાઈ ગયું, દુઃખ દેખાડયું નહીં, સુખ છલકાવ્યું નહીં, આપનો આનંદી, હસમુખ, માયાળુ, પરગજુ સ્વભાવ હંમેશા યાદ રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

શોકાતુર

ચન્દ્રવદન (પુત્ર), અલ્કા (પુત્રી), મંજુલા (પુત્રવધુ), સ્વ. ચંદ્રકલા (ધર્મપત્ની),
સ્વ. જયશ્રી (પુત્રી), ગોપી (પૌત્રી), વંશ (પૌત્ર)

# શ્રધ્ધાંજલિ

★★★



**સ્વ. પીનાકીનભાઈ લાલસોદાગર**

પિનાકિનનો સાથ
બોતેર વર્ષનો સાથ
વાડીમાં પણ બાજુમાં રહેવાનો સાથ
વાસુદેવની સોસાયટીમાં પણ ઉપર નીચે રહેવાનો સાથ
જયપુરમાં ઘર લીધું તે પણ ઉપર નીચે રહેવાનો સાથ
ટ્યુશનમાં પણ આપણા બંનેનો સાથ
તારી શાળામાં રવિવારે સિનેમા જોવાનો સાથ
મારી દરેક બાબતમાં અને મુશ્કેલીમાં તારો સાથ
છેલ્લે છેલ્લે જયપુર બોલાવીને પણ ચાર દિવસ રહેવાનો સાથ
તો તે અમારો હવે કેમ છોડી દીધો સાથ.
પ્રભુ તારા આત્મા ને ચીર શાંતિ આપે એવી પ્રભુને પ્રાર્થના.

– ચિત્રા ફોઈ



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai – Kokilaben Parikh
Harshul – Alpa , Mrugesh - Ratna
Bhrita, Darsh, Parita, Darshil
Bakul – Nita Dalal
Meera – David Burns
Chinmay

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Registered under Postal Registration No. MEH-296/2022-2024 valid up to 31st December-2024 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month.
પ્રકાશન ૧૦/૪/૨૦૨૨



## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH